# બોર્ડની પરીક્ષા પૂર્વે સરાહનીય પ્રયત્ન

થોડા દિવસો પછી ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાાે આવી રહી છે. વિદ્યાર્થી, વાલી, શાલા,શિક્ષક અને આચાર્ય સૌ પરીક્ષાના સારા પરિણામ માટે મથામણ કરી રહયાં છે. સૌના પ્રયત્નો જુદા જુદા હશે પણ ધ્યેય તો એક જ છે, કે વિદ્યાર્થીનું ઊંચું પરિણામ. જેમાં સેવાભાવી સંસ્થાઓ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવા પાછળ રહેતી નથી. આ સમયે સરકાર કે પરીક્ષા લેનાર માધ્યમિક શિક્ષણ બોર્ડ પણ વિદ્યાર્થીઓની ચિંતાને પોતાની ચિંતા ગણીને સુચારુ આયોજન દ્વારા વિદ્યાર્થી પરીક્ષાની તૈયારી સરળતાથી કરી શકે અને શાંતિમય-નિર્ભય વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેવા પ્રયત્ન કરી રહ્યું છે. ત્યારે એક આચાર્ય દ્વારા કરવામાં આવેલ પ્રયોગ ખૂબ જ પ્રેરણાદાયક અને સરાહનીય છે, જેની નોંધ લેવી જ રહી.

અમદાવાદના મેમનગર વિસ્તારમાં આવેલ સાર્વજનિક માધ્યમિક શાળા કે જે પબ્લિક ટ્રસ્ટ દ્વારા ચાલે છે. આ શાળામાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓ અત્યંત ગરીબવર્ગના છે. જેમના વાલીને કદાચ એ પણ ખ્યાલ નથી હોતો કે તેમનું સંતાન કયા ધોરણમાં ભણે છે. ઘેર સારી રીતે અભ્યાસ કરી શકવાની સગવડતાને અભાવે આ વિદ્યાર્થીઓનું પરિણામ ખૂબ જ નીચું આવે છે. જેની ચિંતા સ્વાભાવિક છે કે શાળાના શિક્ષકો અને આચાર્યને હોય જ. નબળાવર્ગના આ વિદ્યાર્થીઓનું પરિણામ સારું લાવવા વિવિધ પ્રયત્નો અંગે વિચારણા આચાર્ય અને ટ્રસ્ટીગણ દ્વારા થઇ. આ શાળાના આચાર્ય રસિકભાઇ પટેલને લાગ્યું કે, બોર્ડની પરીક્ષા નજીક આવી રહી છે, અમે વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ પાછળ મહેનત પણ કરી છે, હવે વિદ્યાર્થીઓએ માત્ર પુનરાવર્તન જ કરવાનું છે. આમછતાં વિદ્યાર્થીઓના ઘરનું વાતાવરણ વિદ્યાર્થીઓને કદાચ છેલ્લા દિવસોમાં પૂરતો સહકાર નહીં આપે તો વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ કરેલ વર્ષ દરમિયાનની મહેનત નકામી જશે. જેથી તેમને વિચાર્યું કે, શાળાના વિદ્યાર્થીઓને છેલ્લા પંદર દિવસ તેમના ઘેર નહીં રાખવા, પણ ક્યાંક સારું વાતાવરણ ધરાવતી ચોક્કસ જગ્યાએ લઇ જઇને ત્યાં જ રાખવા અને પરીક્ષાના આગળના દિવસ સુધી વાંચવાની પૂરતી સગવડ આપવી અને જરૂર પડે તો રૂબરૂ શિક્ષકનું માર્ગદર્શન પણ પૂરું પાડવું. તેમના મનમાં આવેલ આ વિચાર તેમણે આ કોલમના લેખકને જ કર્યો. તેમનો આ વિચાર મનોવૈજ્ઞાનિક અને વાસ્તવિક લાગ્યો. આચાર્ય રસિકભાઇ અને મેં બંનેએ આ વિરના અમલ માટેના પ્રયત્નો કર્યા. જેથી અમદાવાદ બહાર એક સોસાયટીમાં સંબંધીના ખૂબ જ મોટા બંગલામાં વિદ્યાર્થીઓને રાખવાનું નક્કી કર્યું. હવે પ્રશ્નો હતા રહેવા માટેની વિવિધ જરૂરિયાત. જેમકે, જમવાનું, આરામ કરવા માટે ગાદલા-ગોદડી, પાણી વગેરે. આ ઉપરાંત પણ નાની-મોટી કેટલીક ચીજોની જરૂર હતી જ. ગરીબ વર્ગમાંથી આવતા આ  વિદ્યાર્થીઓ પાસેથી આર્થિક સહકાર મેળવી શકાય તેમ હતું જ નહીં. જો પૈસા માંગવામાં આવે તો વાલી કે વિદ્યાર્થી આ રીતે અભ્યાસ કરવા આવવા તૈયાર જ ન થાય. તો કરવું શું ? અંતે નકકી કયું કે, લોકોનો સહકાર માંગવો.

બંગલાના માલિકે ભાડા વગર સેવા ભાવથી બંગલો આપી દીધો. નજીકના ગામ શીલજના ડેકોરેશન વાળા ભાઇને વિનંતી કરીને સહકારની માંગણી કરી તો તેમણે કોઇ ભાડા વગર મફતમાં જ પંદર દિવસ સુધી વિદ્યાર્થીઓ માટે ગાદલા, રજાઇ, ખુરસી વગેરે આપ્યું. કરિયાણાવાળા ભાઇએ નહીં નફો-નુકસાનના ધોરણે કરિયાણું આપ્યું. ખુબ જ ઓછા વેતનમાં રસોયા પણ આવી ગયા. અમારા કમનસીબે બે દિવસ પછી પાણી ખેંચવાની મોટર બળી ગઇ, તો અમદાવાદના મ્યુનિસિપાલિટીના ડે.કમિશ્નરશ્રી લાંગા

સાહેબને વાત કરી તો એક જ કલાકમાં પાણીનું ટેન્કર મોકલી દીધું તે પણ જરૂર પડે તેટલીવાર. ટૂંકમાં વિદ્યાર્થીઓને રહેવા, વાંચવા,આરામ, ખાવા માટે જરૂરી તમામ સગવડો ફટાફટ આવવા માંડી. વાચક મિત્રો સમક્ષ આ વર્ણન કરવા પાછળનું કારણ એક જ છે કે, સારા કામમાં મદદ કરવા સૌ કોઈ તૈયાર થશે. જરૂર છે નેતૃત્વ લઈને કામ શરૂ કરવાની. તેમાં પણ શિક્ષણનું કામ હોય, તમારો ઈરાદો પવિત્ર હોય તો એક નહીં અનેક લોકો તમારી પડખે ઊભા રહેશે. પછી ભલેને તમે તેમને ઓળખતા હોવ કે નહીં.

અમદાવાદની ખૂબ જ નાની ગણાતી આ શાળાના આ પ્રયોગનો ચેપ ગુજરાતભરમાં લાગે તો તે શિક્ષણ અને વિદ્યાર્થીના હિતમાં જ રહેશે. આવા પ્રયત્નોની જરૂર ગામડાંઓમાં પણ મોટા પ્રમાણમાં છે. વળી ગામડામાં સહકાર પણ સરળતાથી મળી રહે. આવા પ્રયત્નોથી વિદ્યાર્થીઓને ફાયદો તો થશે જ, પણ સાથે શિક્ષકો, આચાર્યનું માન પણ સમાજમામ વધશે. લોકો ખુબ જ ઊંચા માન સાથે શિક્ષકો સામે નજર માંડશે. આવા પ્રયોગોનો પ્રચાસ અને પ્રસાર જેટલો વધુ થાય તે સમાજના હિતમાં છે. આવા પ્રયોગો અને પયત્ન કરનારી શાળા વિદ્યાર્થીની દૃષ્ટિએ ભલે નાની ગણાતી હોય, પણ કામની દૃષ્ટિએ ખૂબ જ ઊંચી છે. કોઈપણ શાળા નાની છે કે મોટી તે વિદ્યાર્થીની સંખ્યાને આધારે ન મૂલવતા તેના કામને આધારે મૂલવવી જોઈએ. કોઈપણ બાબત તેની ગુણવત્તાને આધારે મહાન બને છે. ઘણવિાર તો સમખ્યાની દૃષ્ટિએ મોટી ગણાતી શાળા હકીકતમાં એટલીજ ખોટી પણ હોય છે, જ્યાં પ્રેમ, પુરુષાર્થ, પ્રયત્નની કિંમત નથી હોતી, જ્યાં કિંમત હોય છે માત્ર પૈસાની. આવી મોટી-ખોટી શાળામાં બાળકને ભણવા મોકલવું તે પણ વાલી દ્વારા અનાયાસે કે મજબૂરીમાં થતું પાપ છે. આવી ગુણવત્તા યુક્ત ગણાતી હજારો શાળાને કારણે જ આજનું શિક્ષણ ટકી રહ્યું છે, નહીં કે હજારોની સંખ્યામાં ઠાંસી ઠાસીને ભરેલા વિદ્યાર્થીઓને કારણે.

ઉપરોક્ત પ્રયાસ દરમિયાન થયેલ કડવા અનુભવનો ઉલ્લેખ કરવો જ રહ્યો. અમદાવાદ મ્યુનિસિપાલિટી દ્વારા ચાલતી ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળામાં પણ ગરીબવર્ગના બાળકો અભ્યાસ કરવા આવે છે. આ લેખકે તે શાળાના આચાર્યને પણ તેમના જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓને ઉપરોક્ત સગવડ આપવાની વાત કરી અને જણાવ્યુ કે, તમારા વિદ્યાર્થીઓ માટે આ તક ઝડપી લો. ત્યારે તે આચાર્યનો જવાબ હતો કે, અમારે વાલીની મંજૂરી મેળવવી પડે અને આજે વિદ્યાર્થીઓ શાળામાંથી નીકળી ગયા છે. કાલે જાહેર રજા છે. તો પછીના દિવસે વિદ્યાર્થીઓ શાળામાં આવે પછી અમે તેમને જાણ કરીને વાલીની મજૂંરી મેળવીને મોકલીશું. વાલી પાસેથી મંજૂરી મેળવવાની આચાર્યની વાત સાચી છે, પણ તે કામ કરવામાં બે-ચાર દિવસ બગાડવાની તેમની વાત ગમી નહીં. શું આ આચાર્ય તેમના શિક્ષકોને વાલીને ત્યાં તાત્કાલિક રૂબરૂ ન મોકલી શકે ? આવા પંદર-વીસ વિદ્યાર્થી હોય તો ચાર-પાંચ શિક્ષકોને ફાળે વાલીના કેટલા ઘર ફરવાના આવે ? આ આચાર્યે શિક્ષકો સાથે પરામર્શન કર્યા વગર જ આપેલા આ જવાબમાં તેમની વિદ્યાર્થીઓ અને શિક્ષણ પ્રત્યે નિષ્ઠાનો અભાવ દેખાઈ આવે છે. વિદ્યાર્થીને મફતમાં પરીક્ષાની સફળતા માટે સારામાં સારું માર્ગદર્શન અને સગવડ મળતી હોય તો શિક્ષક કે આચાર્ય માત્ર એક દિવસ માટે પોતાના બે-ચાર કલાક ફાળવી ન શકે ? આચાર્યની પહેલી ફરજ એ આવે કે આવી તક ઝડપી લેવી, ખાવા માટે ઘેર પણ પછી જ જવું. જ્યાં આવા આચાર્ય હશે ત્યાં ગરીબવર્ગના વિદ્યાર્થીઓનું કેટલું ભલું થશે ? સલામ છે પેલા રસિકભાઈ પટેલ જેવા આચાર્યને અને તેમના શિક્ષકોને કે જેઓ ચોવીસ કલાક પોતાનું ઘર છોડીને વિદ્યાર્થીઓ સાથે રહેવા તૈયાર છે.